**ના**નકડી મજબૂત સળિયા મઢેલી જાળીમાંથી આકાશના અમાપ વિસ્તાર પર ધીમે ધીમે કાળાં ધૂમસ જેવાં વાદળાં શબ્દહીન ક્રૂર ગતિથી પથરાતાં જતાં હતાં તે જોઈ રહેલી એક સ્ત્રી શાંત ભાવે ભીંતને અઢેલીને બેસી રહી હતી. તેના વાળ રુક્ષ અને ઓળ્યા વગરના હતા, લૂગડાં પણ ચોળાઈ ગયેલાં ને ગંદાં હતાં, છતાં તેનું એક પ્રકારનું સ્વાભાવિક ગૌરવ આ બિહામણા સ્થાનમાં આવી પડવાથી લેશમાત્ર ખંડિત ન થયું હોય તેમ તે બેઠી હતી.

બહાર નિયમ પ્રમાણે પહેરો ભરતા ચોકીદારનાં ડગલાં જરા થંભ્યાં અને પછી તેણે કોઈ સાથે વાત કરી. કેટલીક વારે સ્ત્રી વૉર્ડરે આવીને કહ્યું :

"તમારા પતિ મુલાકાત માટે આવ્યા છે."

ઓરડીમાં પુરાયેલી સ્ત્રીએ જવાબ તૈયાર જ રાખ્યો હોય તેમ સહેજ પણ વિચાર કર્યા વગર કહ્યું :

"હું એમને મળવા માગતી નથી."

"પણ..."

"મારી મરજી!"

વૉર્ડર બાઈ થાકીને ચાલી ગઈ. જેલના વાતાવરણથી કશા ખાસ ત્રાસનો અનુભવ ન થતો હોય તેમ કેદી બનેલી સ્ત્રી શાંતિથી પહેલાંની જેમ જ વિચાર કરતી બેસી રહી.

તે દેખાવમાં બહુ સુંદર નહોતી છતાં એક જાતની સુકુમારતા તેના ચહેરાને, તેના શબ્દોને અને હલનચલનને લાવણ્યમય બનાવી દેતી હતી. ફિક્કાશ પડતો ગોરો રંગ તેની નાજુકાઈની છાપ વધારતો હતો. તેનાં વસ્ત્રો અને આસપાસનું વાતાવરણ તેને માટે છેક જ પ્રતિકૂળ હોવા છતાં તે જાણે કે પોતાના વિચારોની દુનિયામાં જ જીવતી હોય અને આજુબાજુની કોઈ ચીજ તેને સ્પર્શી જ ન શકે એટલે છેટે ચાલી ગઈ હોય તેમ અત્યંત સ્વસ્થ જણાતી હતી.

બહાર નીરવપણે વહેતો પવન પેલાં વાદળાંના વિધવિધ આકાર સરજતો હતો અને વળી પાછા ભૂંસી નાખતો હતો. કદાચ ચોમેર અંધકાર છવાઈ જતાં લગી એ સ્ત્રી એમની એમ જ બેસી રહી હોત, પણ વળી પાછી પેલી વૉર્ડર બાઈ સંદેશો લઈને હાજર થઈ :

"મઠમાંથી બે બાઈઓ આવી છે. મળવું છે?"

આ વખતે એના ચહેરા પર અનિશ્ચિતતાના ભાવો દેખાયા. અંતે તેણે માથું હલાવીને હા પાડી. વૉર્ડર બાઈ પાછી ગઈ એટલે તેણે કંઈક ઉશ્કેરાટથી ઊઠીને પથારીને ઓશીકે રાખેલી એક કાળા પૂંઠાની ચોપડી કાઢી અને પહેલાં બે ચાર પાનાં વાંચી જોયાં.

બારણું ક્યારે ખૂલે તેની અધીરાઈથી રાહ જોતાં તેણે આંટા મારવા માંડ્યા. તેના શરીર પર એકે આભૂષણ નહોતું, છતાં તે કોઈ સામાન્ય કુટુંબની સ્ત્રી તો નહોતી જ એવું દેખાઈ

આવતું હતું. કેટલીક વાર પછી તેણે પાસે આવતાં પગલાં સાંભળ્યાં અને આંટા મારવાના બંધ કરી તે એક જગ્યાએ કંઈક ઉત્સુકતાથી, કંઈક દુઃખથી ઊભી રહી ગઈ.

બારણું ખૂલ્યું અને બંને સાધ્વીઓ અંદર આવી. બેમાંથી જે મોટી હતી તેણે આગળ આવીને કેદી સ્ત્રીના નમસ્કાર માટે ઊંચા થતા હાથ પોતાના હાથમાં પકડી લીધા અને તેને આસ્તેથી ગોદડાંના વીંટા આગળ લઈ જઈને બેસાડી.

થોડી વાર કોઈ બોલ્યું નહીં. પછી મોટી સાધ્વીએ ધીરેથી પૂછ્યું, "પછી તમે શો વિચાર કર્યો?"

"અંહં... એનો આગ્રહ તો કરશો જ નહીં."

"પણ તમે... તમારા બાળકનો તો ખ્યાલ કરો!"

તે સાથે જ અત્યાર લગી કોઈ આપદ્‌ગ્રસ્ત સમ્રાજ્ઞીની પેઠે ધીરજ રાખી રહેલી પેલી સ્ત્રી ઘૂંટણમાં માથું નાખી ધ્રુસકે ધ્રુસકે રોઈ પડી. નાની સાધ્વીને આંખના ઇશારાથી જ બહાર જવાનું કહી એ દુર્ભાગી સ્ત્રીને માથે હાથ મૂકી સાધ્વીએ વર્ષોની આદત પ્રમાણે સાંત્વનાના શબ્દો કહેવા માંડ્યા. તેમના મઠમાં જે જાતજાતનાં લોકકલ્યાણનાં કામો થતાં તેમાંનું એક આ પણ હતું. આજ લગીમાં અનેક ગુનેગાર સ્ત્રીઓને મળી ચૂકેલી, સૌને કોઈ ને કોઈ રીતે આશ્વાસન આપતી, રાહત પહોંચાડતી સાધ્વીને માટે આ અનુભવ નવો નહોતો. છતાં પણ પોતાના બચાવ માટેની તૈયારીમાં કશી જ મદદ નહીં કરનાર, વકીલોને કે સગાંવહાલાંને મળવાની સાફ ના પાડનાર આ વિચિત્ર સ્ત્રીને આમ નાના બચ્ચાની માફક રડતી જોઈને સાધ્વીને તેને માટે એક વિશિષ્ટ જાતની અનુકંપા થઈ આવી.

તેણે મૃદુ કંઠે પૂછ્યું, "હું તો ઇચ્છું છું કે તમે ફરીને વિચાર કરી જુઓ. હોય... માણસમાત્રથી એકાદ નાનીમોટી ભૂલ તો થઈ જ જાય. પણ તેથી કરીને આમ જિંદગી ફેંકી દેવાની?"

"ભૂલ નથી."

"એમ ન બોલીએ બહેન! એથી તો તમે કરેલો અપરાધ અનેકગણો વધુ ભયંકર બની જાય છે. પસ્તાવો કરતા પાપીને માટે ઈશ્વરનાં દ્વાર સદાય ખુલ્લાં રહે છે, પણ..."

"પણ મને જરાય પસ્તાવો નથી થતો. હું માનું છું કે મેં જે કર્યું છે તે બરાબર જ કર્યું છે."

ઝનૂનથી બોલાયેલા એ શબ્દો આગળ સાધ્વી નિરુત્તર થઈ ગઈ. સ્ત્રીએ થોડી વાર શાંત રહી વળી પાછું આવેશમાં બોલવા માંડ્યું :

"શા માટે હું કહું કે મને પસ્તાવો થાય છે? એ તો નર્યું જૂઠાણું કહેવાય, એક જાતનો દંભ કહેવાય. મને ખાતરી છે કે ઈશ્વરના દરબારમાં દંભીઓને તો સ્થાન નથી જ મળવાનું."

"ના, ના. દંભ શા માટે? તમે સાચા દિલથી પસ્તાવો કરો. રડો, કકળો, ઈશ્વરની માફી માગો. પ્રાર્થના કરો કે તે તમારા દિલમાં જાગેલી આ વેરની જ્વાલાને શાંત કરી દે. તમારું હૃદય ફરીથી એક બાળકના હૃદય જેવું સ્વચ્છ અને નિષ્પાપ બનાવી દે."

પેલી કાળા પૂંઠાવાળી ચોપડીને આમતેમ રમાડતી સ્ત્રી બોલી,

"માજી, તમે મને આજ લગીમાં કેટલુંયે પૂછ્યું છે. આજે હું તમને કંઈક પૂછું?"

"શા માટે નહીં?"

"તમે... તમે કેટલામે વર્ષે દીક્ષા લીધેલી?" પળભર સાધ્વીના વાર્ધક્યની કરચલીઓ પડેલા કપાળ પર બીજી એકાદ-બે કરચલી પડી ગઈ. તેણે કહ્યું,

"હું તો છેક બાળક હતી. પણ તમારાથી મને પૂર્વાશ્રમની વાતો ન પુછાય."

"ના, એ હું નથી પૂછતી, હું તો માત્ર એટલું જ જાણવા માગતી હતી કે કઈ ઉંમરે તમે સંસાર છોડીને આ મઠનો નિવાસ સ્વીકાર્યો?"

"તે વખતે હું પંદર કે સોળ વર્ષની હોઈશ."

"તો પછી માજી, તમે મને આમ કહો એ બરાબર છે. બાકી મારું હૃદય શાંત અને સ્વચ્છ બની જાય... માની લો કે એમ કદાચ બને, પણ જેને હું ગુનો જ નથી માનતી, તે કરવા માટે હું ઈશ્વરની માફી માગું, રડું, કકળું... ના, ના, એ તો બને જ નહીં. બીજી એક વાત કહું? તમે હંમેશાં પૂછો છો કે મેં શાથી આમ કર્યું? પણ એ તો તમને સમજાવાય એવું છે જ નહીં, સિવાય કે..."

"સિવાય કે?"

"સિવાય કે તમે આ ચોપડી વાંચી જાઓ. વાંચશો? તમારા નિયમો આડા તો નહીં આવે ને?"

"અમારા નિયમો? એવું તે એમાં શું છે?"

"એમાં મારી જિંદગી છે. એક ગુનેગાર સ્ત્રીનું જીવન."

કડવાશથી બોલાયેલા એ શબ્દોનો ઘા રુઝાવી દેવો ન હોય તેમ કરુણાથી એને માથે હાથ મૂકતાં સાધ્વીએ કહ્યું,

"ઈશ્વરની દૃષ્ટિમાં ના કોઈ સર્વથા નિર્દોષ છે, ના કોઈ સંપૂર્ણપણે ગુનેગાર. એની કૃપામાં ભરોસો રાખ, બેટા, આમ નિરાશ ન થઈ જા."

પેલી યુવાન સાધ્વી ફરી દરવાજા આગળ ડોકાઈ એટલે મુલાકાતનો અંત આવશે એમ સમજીને સ્ત્રીએ ઝટપટ બોલવા માંડ્યું,

"અહીં તો બીજું કંઈ કરવાનું જ નહોતું અને તમે પૂછ્યા કરતાં હતાં, એટલે પછી મેં બધું વિગતવાર લખી જ નાખ્યું છે. વળી પાછી મારી દીકરી, મારી બેલા જ્યારે મોટી થશે ત્યારે કદાચ એના મનમાં થશે કે એની મા એક ગુનેગાર સ્ત્રી હતી. એવું ન થાય, એ સમજી શકે એટલા માટે મેં આમાં બધી વાત લખી છે. એમાં છેક મારા બાળપણથી માંડીને મેં લખ્યું છે, કારણ કે નહીં તો તમે સમજી જ નહીં શકો કે શાથી મારે આમ કરવું પડ્યું."

"હું એ બધું વાંચી જઈશ." ચોપડી લેવા સાધ્વીએ હાથ લંબાવ્યો.

ઓચિંતો ને કંઈ ડર લાગ્યો હોય તેમ સ્ત્રીએ હાથ પાછો ખેંચી લઈને પૂછ્યું, "પણ તમે... તમે એનો દુરુપયોગ તો નહીં કરો ને? ના, હું તમારું અપમાન કરવા નથી ઇચ્છતી, પણ મને વચન આપો કે તમે આ લખાણ મારા પતિને કે મારા વકીલોને નહીં આપો."

સાધ્વીએ કહ્યું. "ના, તમારી પોતાની રજા મેળવ્યા સિવાય હું એમ નહીં કરું. અને આ વિશેની વાત પણ કોઈને નહીં કરું."

કાળા પૂંઠાવાળી ચોપડી આપી દઈને જાણે કોઈ નિર્જન ટાપુ પર સમુદ્રે ફેંકી દીધેલો નાવિક સંદેશાના કાગળવાળી શીશી તરતી મૂકે તેમ મિશ્રિત મનોભાવથી સ્ત્રી સાધ્વીના મોં સામે જોઈ રહી.

"હું જાઉં?"

અબોલપણે જ રજા આપીને સ્ત્રી વળી પાછી પોતાની અસલ જગ્યાએ જઈ બેસવાનું કરતી હતી તેવામાં જ તેને કાને શબ્દો અથડાયા,

"આજે હૉસ્પિટલમાંથી ખબર આવ્યા છે કે અંજનાની હાલત..."

"ના, ના! એનું નામ નહીં! એની વાત નહીં! એનું કશું જ મારે સાંભળવું નથી." મનની સમતા ગુમાવીને સ્ત્રીએ ચીસાચીસ કરી મૂકી.

બંને સાધ્વીઓ પાછી વળી, વૉર્ડર બાઈ પણ આવી, બધાંએ મળીને એને શાંત પાડી અને કોટડીનાં બારણાં વસાયાં ત્યારે સંધ્યાની આભા છેક જ શ્યામલ બની ગઈ હતી.

•

જેલના મકાનથી એકાદ ગાઉ દૂર સાધ્વીઓનો મઠ આવેલો હતો. જૂનાપુરાણા વખતનું મકાન હતું. સાધ્વીઓની કાળજીભરી મરામતને લીધે હજી વસવાલાયક રહ્યું હતું ખરું, પણ આઘેથી જોનારને ખંડિયેરનો જ ખ્યાલ આવતો. ત્યાં મઠના સ્થાપક મહાત્માની મૂર્તિની વખતોવખત વિધિસર પૂજા થતી અને ડંકા નોબત ને ઘંટારવ દૂર દૂર લગી સંભળાતાં. રાતની છેલ્લી આરતી થઈ ગઈ અને આસપાસનાં વૃક્ષો પરથી ચિત્કાર કરીને ઊડેલાં પંખીઓ વળી પાછાં પોતપોતાના માળામાં પેઠાં ત્યારે તમામ કામકાજથી નિવૃત્ત થઈ સાધ્વીએ પેલી ચોપડી હાથમાં લીધી.

તે સામાન્ય કાગળની બાંધેલી ચોપડી હતી. અક્ષર ઝીણા ને એકસરખા મરોડદાર હતા. જેલમાં વપરાતી કાળી શાહીને લીધે એ બધું કોઈક જાતનું દસ્તાવેજી લખાણ હોય તેવો ભાસ થતો હતો.

વાંચવાનું શરૂ કરતાં પહેલાં સાધ્વીને વિચાર થયો, 'સંસારી જીવની, તેમાં વળી ગુનેગાર બાઈની લખેલી વાત વાંચવી ઇષ્ટ છે? ન જાણે શુંનું શું એમાં લખેલું હશે!' પણ પછી નૈસર્ગિક કુતૂહલ ઉપરાંત કદાચ સ્ત્રીની જીવનકથા વાંચતાં એને બચાવી લેવાય એવું કંઈક મળી આવે એ ઉદ્દેશથી એણે વાંચવાનું શરૂ કર્યું.

•